# ૧ પૂનમે શું જોયું ?

S7G3T9

પૂનમ ઘરે હતી. તે બીમાર (sick-સિક) હતી. આજે પૂનમે એની માને કહ્યું : ''મા, મને આજે શાળાએ જવા દો. હું છેલ્લા બે દિવસથી ઘરે છું. હું કંટાળી ગઈ છું.'' આ સાંભળી તેની માએ કહ્યું, ''પરંતુ તને તાવ (fever-ફિવર) છે. જા, બહાર ખાટલા પર સૂઈ જા.''

પૂનમ બહાર ગઈ. ખાટલા પર સૂઈ ગઈ. અચાનક, તેના ચહેરા પર કશુંક પડ્યું. તે તરત જ ગાલે અડવા લાગી. અરે ! આ શું ? કોણ ચરકી ગયું? આ કોનું કામ હશે ! કબૂતરનું કે કાગડાનું ? પૂનમને આ કાગડાનું જ લાગતું હતું.



બાળકો, લોકો પાસેથી અને આજુબાજુના પર્યાવરણમાંથી ઘણું બધું શીખે છે. આ પાઠ દ્વારા બાળકોને પ્રકૃતિને નિહાળવાની તક આપવાની છે. વર્ગખંડમાં બેસી પાઠનું વાચન કરવું નહિ. આસપાસની પ્રકૃતિનું અવલોકન પણ કરાવવું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વિચારો અને લખો :

પૂનમે ઉપર જોયું. તેણે વૃક્ષ ઉપર ઘણાંબધાં પ્રાણીઓ જોયાં. ચિત્રમાં દર્શાવેલ વૃક્ષ પર તમે કયાં પ્રાણીઓ જોયાં ? તેમનાં નામ લખો :

પૂનમે જમીન પર પડેલું એક પાંદડું લીધું. પાંદડું તેના ગાલ ઉપર ઘસ્યું. હજુ પણ તેને ગાલ ચીકાશવાળા લાગતા હતા. પૂનમે વિચાર્યું : ‘તળાવ પર જઈ મારે ગાલ ધોવા જોઈએ.’ પૂનમ તળાવ પાસે ગઈ.



## વિચારો અને લખો :

તળાવની આસપાસ પૂનમે કયાં પ્રાણીઓ જોયાં હશે ?

પાઠ્યપુસ્તકમાં ‘પ્રાણી’ શબ્દ જીવજંતુ, પક્ષીઓ, સરિસૃપ (પેટે સરકીને ચાલતાં પ્રાણી) અને સસ્તન પ્રાણીઓ માટે વપરાયો છે. આ ઉંમરનાં બાળકો પ્રાણીઓનું વર્ગીકરણ કરી શકતાં નથી. પ્રાણી શબ્દથી બાળકો શું સમજે છે તે જાણવાનો પ્રયત્ન કરો. જુદાં-જુદાં પ્રાણીઓ વિશે વધુ માહિતી એકઠી કરવા બાળકોને પ્રોત્સાહિત કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

● તમે તળાવ પાસે જોયેલાં પ્રાણીની જેમ કામ કરી શકો ?

● કયું પ્રાણી કેવો અવાજ (sound-સાઉન્ડ) કાઢે છે અને કેવી રીતે હલનચલન કરે છે?

વિવિધ પ્રાણીઓના અવાજની નકલ કરાવવી.

જુદાં- જુદાં પ્રાણીઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે જુદી-જુદી રીતે હલનચલન કરે છે. કેટલાંક પ્રાણીઓ ચાલે છે, કેટલાંક પેટે સરકીને (crawl-ક્રાઉલ) ચાલે છે, કેટલાંક ઊડે (fly-ફ્લાય) છે અને કેટલાંક તરે (swim-સ્વિમ) છે. કેટલાંક પ્રાણીઓ કૂદકા (jump-જમ્પ) મારીને ચાલે છે.

Z6G1M6

## વિચારો અને લખો :

**પ્રાણીઓનાં રહેઠાણ :**

| દરમાં રહેતાં | માળામાં રહેતાં | ઘરમાં રહેતાં | પાણીમાં રહેતાં |
|---|---|---|---|
| ● | ● | ● | ● |
| ● | ● | ● | ● |
| ● | ● | ● | ● |
| ● | ● | ● | ● |

## યાદ કરો અને લખો :

| | | | |
|---|---|---|---|
| **ઊડી શકે તેવાં** | | | |
| **પગથી ચાલી શકે તેવાં** | | | |
| **પેટે સરકીને ચાલી શકે તેવાં** | | | |
| **કૂદકા મારી ચાલી શકે તેવાં** | | | |

બાળકોને પ્રાણીઓનાં રંગ, આકૃતિ અને હલનચલન ગમે છે અને તેમના અવાજ સાંભળવા ગમે છે. તેઓને તેમનું અનુકરણ કરવાની મજા આવે છે. પ્રાણીજગતની વિવિધતા જોતાં તેમને જુદાં-જુદાં જૂથમાં મૂકીએ, તે વર્ગીકરણની શરૂઆત છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પૂંછડી હોય તેવાં


માથે શિંગડાં હોય તેવાં

દીવાલ ઉપર ચાલી શકે તેવાં

પ્રાણીઓ જુદી-જુદી જગ્યાએ રહે છે. કેટલાંક પ્રાણીઓ વૃક્ષ ઉપર રહે છે. કેટલાંક પાણીમાં રહે છે. કેટલાંક જમીન પર રહે છે. કેટલાંક જમીનની અંદર દરમાં રહે છે. કેટલાંક આકાશમાં ઊડે છે. વળી, કેટલાંક પ્રાણીઓ આપણા ઘરમાં પણ રહે છે.

## રંગ પૂરો:


હોઠ (lip-લિપ) થી પાણી પીતાં હોય ત્યાં જીભ (tongue-ટંગ) થી પાણી પીતાં હોય ત્યાં

| | | |
|---|---|---|
|  |  |  |
|  |  |  |
|  |  |  |
|  |  |  |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

❇ નીચેનાં ચિત્રો જુઓ:
તમારા ઘરમાં ના રહેતાં હોય તેવાં પ્રાણીઓમાં રંગ પૂરો.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચિત્ર દોરો :

✻ અહીંયાં પ્રાણીઓનાં અધૂરાં ચિત્રો આપેલાં છે. ચિત્રો પૂરાં કરી નીચે નામ લખો.



## શોધો અને લખો :

પ્રશ્નને આધારે નામ શોધો અને ☐ કરો. આ શબ્દોની અલગથી નોંધ કરો :

૧. મને કેળું ખાવું ખૂબ ગમે છે. હું કૂદવામાં અને લટકવામાં સમય વિતાવું છું.

૨. હું દીવાલ પર જાળું બનાવું છું, જેમાં જીવજંતુ ચોંટે તે મારો ખોરાક છે.

૩. હું આખી રાત જાગું છું અને દિવસે અજવાળામાં સૂઈ જાઉં છું.

૪. ડ્રાઉં, ડ્રાઉં, ડ્રાઉં મારો અવાજ છે. હું પાણીમાં અને જમીન ઉપર જોવા મળું છું.

૫. હું વરસાદ પછી જોવા મળું છું. મારે પગ નથી. હું પેટે સરકીને ચાલું છું.

૬. મારી ગતિ ધીમી છે. હું પાણીમાં અને જમીન ઉપર રહું છું.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્ષ | ત | યા | અ | બા | લે | સી |
| વાં | દ | રો | ખા | તી | પા | ળ |
| પા | ર | સિ | દે | વા | પી | ળ |
| ઉ | ઘુ | વ | ડ | ર | વા | જ |
| ક | રા | બી | કો | મા | ત | ગ |
| રો | સિ | રિ | કુ | તા | ર | થ |
| ળિ | વા | સા | ડી | કા | ચ | બો |
| યો | બ | અ | ળ | સિ | યું | ગા |

સવાલ - ૬ પંચતંત્રની વાર્તા 'સસલું અને કાચબો' ઉપર આધારિત છે. બાળકોને પંચતંત્રની બીજી વાર્તા કહો અને તેમને વધારે વાચન કરવા માટે પ્રોત્સાહિત કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## જુઓ અને કહો :



### આંગળીઓનો જાદુ :

ચિત્ર જુઓ. શું તમે અંગૂઠાની અને આંગળીઓની છાપ ઓળખી શકો છો ?

આ જ રીતે, શાહી અને જળરંગોનો ઉપયોગ કરી પ્રાણીઓનાં ચિત્રો બનાવો. તમારી કલ્પના મુજબનાં ચિત્રો બનાવો. ઉપરનાં ચિત્રોની નકલ કરશો નહિ. તમે તમારી શાળા અને ઘરને શણગારવા બનાવેલાં ચિત્રોનો ઉપયોગ કરી શકો છો.

### જાતે છાપો ...

બાળકોને અંગૂઠાની છાપ અને આંગળીઓની છાપથી ચિત્રો બનાવવા જેવી સર્જનાત્મક પ્રવૃત્તિ પસંદ આવે છે. તેમને તેમની પોતાની ડિઝાઈન બનાવવા પ્રોત્સાહિત કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચાલો ગમ્મત કરીએ :

- તમારી નોટબુકમાં તમે જોયેલા પ્રાણીનું ચિત્ર બનાવો.
- ત્રણ બાળકોનું એક જૂથ બનાવો. દરેક જૂથ સફેદ કાગળ લેશે. આ કાગળને ત્રણ ભાગમાં વાળવો.

૧. દરેક જૂથમાં, એક બાળક કાગળની ટોચ પર ચહેરો દોરશે અને કાગળને વાળી એ ભાગ સંતાડી દેશે.


૨. જૂથનું બીજું બાળક કાગળની વચ્ચે બીજા કોઈ પ્રાણીના પેટના ભાગનું ચિત્ર દોરશે અને કાગળને વાળી સંતાડી દેશે.

૩. જૂથનું ત્રીજું બાળક બીજા પ્રાણીના પગનું ચિત્ર બનાવશે.

હવે વિચારો. ચિત્ર કેવું બન્યું હશે? કાગળ ખોલો અને ચિત્ર જુઓ.

**આ પ્રાણી રમૂજી દેખાયું ને !**

વર્ગમાં અન્ય જૂથે બનાવેલા ચિત્રને પણ જુઓ.



બાળકોને પ્રાણીઓનું ચીવટપૂર્વક નિરીક્ષણ કરવા અને તેમની જાતે ચિત્રો બનાવવા પ્રોત્સાહિત કરો. જૂથમાં ચિત્ર બનાવતી વખતે બાળકોને મદદની જરૂર પડશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વૃક્ષ નીચે થોડો સમય પસાર કરો. અહીંથી જોઈ શકાતાં પ્રાણીઓને નિહાળો. જે પ્રાણીઓ દેખાયાં હોય તેમનાં નામ લખો.

| | | | |
|---|---|---|---|
| થડ ઉપર | | | |
| જમીન ઉપર | | | |
| ડાળીઓ ઉપર | | | |
| પાંદડાંઓ ઉપર | | | |
| વૃક્ષની આજુબાજુ | | | |
| અન્ય સ્થળે જોયેલાં | | | |

## જોયેલાં પ્રાણીઓને તેમના કદ (size-સાઈઝ) ના આધારે ગોઠવો.

(૧) (૨) (૩)

(૪) (૫) (૬)

(૭) (૮) (૯)

આ પ્રવૃત્તિ શરૂઆતના ક્રમમાં કરવાની છે. ક્રમ બાળકોના અનુભવ પર આધારિત હશે. જેમકે, ખિસકોલી, ચકલી કરતા નાની અથવા મોટી હોઈ શકે. પ્રાણીઓ પ્રત્યેના આ સંવેદનશીલ મુદ્દાની ચર્ચા અરસપરસ કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## કોયડાની રમત :

કોયડાની રમતમાં, ફનપેજ-૧ (પાન નં. ૧૬૯)માં આપેલ ચિત્રને કાપો. વિવિધ ટુકડા ભેગા કરી ફરીથી ચિત્ર બનાવો.

ફનપેજ : ૧ના ચિત્રને કાપો. તેને કાર્ડબૉર્ડ પર ચોંટાડો. આ કાર્ડબૉર્ડને અસમાન ટુકડાઓમાં કાપો. આ ટુકડાઓ તમારા મિત્રોને આપો. તેઓને બધા ટુકડા સાથે ગોઠવીને પ્રાણીને ઓળખવાની પ્રવૃત્તિ કરાવવી.

**ફનપેજની મદદ વડે ચિત્ર ચિપકાવો :**

ટુકડા ચોંટાડવાના કોયડાની રમતમાં ટુકડા એવી રીતે કાપો કે, આ ટુકડા ભેગા કરવા બાળકો માટે પડકાર બની રહે. સરળતાથી ચિત્ર બની ન શકે તે રીતે ચિત્ર કપાવવું. આવી બીજી વધારે પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપો અને તેમના કાર્યને બિરદાવો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in